ભીમપુરા માઈનોરમાં ગાબડું પડતાં પાણીનો વેડફાટ

સિંચાઈના પાણી વિના અનેક ખેતરોમાં લહેરાતો પાક મૂરઝાઈ રહ્યો છે

આમોદ, ભરૂચઃ આમોદના ભીમપુરા વિસ્તારમાં આવેલી નર્મદા નિગમની માઈનોર કેનાલમાં મસમોટું ગાબડું પડતાં હજારો લીટર પાણીનો વેડફાટ થયો હતો. એક વર્ષ પહેલા જ રિપેરિંગ કરવામાં આવેલી આ નહેરમાં ફરીથી ભંગાણ સર્જાતાં કામગીરીની ગુણવત્તા સામે સવાલો ઊભા થયા હતા.

નર્મદા નહેર નિગમ દ્વારા નહેરોની સફાઈ અને જાળવણી અંગે કરવામાં આવતા દાવા અંગે સવાલો ઊભા થઈ રહ્યા છે. નહેરોમાં અનેક જગ્યાએ ગાંડા બાવળ અને ઝાડીઝાંખરા જોવા મળતાં અધિકારીઓની યોગ્ય દેખરેખનો અભાવ દેખાઈ રહ્યો છે. જે અધિકારીઓની બેદરકારીને કારણે અનેક ગામના ખેડૂતો સિંચાઈના પાણી વિના હેરાન-પરેશાન બન્યા છે અને તેમનો મહામૂલો પાક સિંચાઈ વિના મુરઝાઇ રહ્યો છે. બીજી બાજુ હજારો લીટર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. આ બાબતે આમોદ તાલુકા કોંગ્રેસ પ્રમુખ નરેન્દ્ર પટેલ ઉર્ફે કાજીએ તંત્રને ચેતવણી આપી હતી કે, જો વહેલી તકે નર્મદા નિગમ દ્વારા સમગ્ર પંથકમાં કેનાલનાં ગાબડાંની મરામત નહીં કરવામાં આવે તો કોંગ્રેસ પાર્ટી ખેડૂતોને સાથે રાખી નિગમની કચેરીને તાળાબંધી કરી ઉગ્ર આંદોલન કરશે.

ખરચમાં બિરલા કંપની નજીક કેનાલ પરનું બાંધકામ હટાવાયું

પાર્કિંગ કોન્ટ્રાક્ટરે કેનાલ પર કોંક્રીટનો સ્લેબ ભરી દીધો હતો, પોલીસની હાજરીમાં કાર્યવાહી

ભરૂચઃ હાંસોટના ખરચ ગામે આવેલી સિંચાઈ નહેર પર ગેરકાયદે રીતે બાંધકામ સોમવારે તંત્ર દ્વારા દૂર કરવામાં આવ્યું છે. બિરલા સેલ્યુલોઝીક કંપની સામેના વિસ્તારમાં પાર્કિંગ કોન્ટ્રાક્ટર દ્વારા નહેર પર કોંક્રીટનો સ્લેબ નાંખીને ગેરકાયદે દબાણ કરવામાં આવ્યું હતું. પાર્કિંગ કોન્ટ્રાક્ટર રઉફ મહંમદ શેખે સિંચાઈ વિભાગની ખરચ માઈનોર કેનાલ પર ગુડ્સ વાહનો ઊભા રાખવા માટે કોંક્રીટનો સ્લેબ બનાવ્યો હતો. ઉપરાંત સરકારી જમીન પર પણ વાહનો ઊભાં રાખી પાર્કિંગ ફી વસૂલવામાં આવતી હોવાના આક્ષેપો સામે આવ્યા હતા. નોંધનીય છે કે, આ દબાણ વર્ષ-2018થી કરવામાં આવ્યું હતું. આ મામલે મામલતદાર કચેરી અને સિંચાઈ વિભાગ દ્વારા અગાઉ નોટિસ આપી દબાણ દૂર કરવા સૂચના આપવામાં આવી હતી. નોટિસ બાદ પણ દબાણ યથાવત્ રહેતાં આજે તંત્રએ સ્થળ પર પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી. બુલડોઝરની મદદથી કેનાલ પર બનાવવામાં આવેલા કોંક્રીટ સ્લેબને તોડી પાડવામાં આવ્યો હતો. કાર્યવાહી દરમિયાન કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો. સિંચાઈ વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે આ દબાણ દૂર થતાં હવે ખેડૂતોને સમયસર અને સરળતાથી પાણી પહોંચાડવા માટે યોગ્ય આયોજન કરી શકાશે.

ખરચ ગામમાં રહેતા રઉફ મહંમદ શેખે નહેર વિભાગ પર રાજકીય દબાણ હેઠળ તેમની માલિકીની જમીન હડપ કરવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. સરવે નં.203ની 52 ગુંઠા જમીન રઉફ શેખે વર્ષ-2008માં ખરીદી હતી, જેના માટે તેમણે કલેક્ટર કચેરીમાં 11 લાખ રૂપિયા પ્રીમિયમ ભરીને નગર નિયોજન વિભાગ પાસે નકશા પણ મંજૂર કરાવ્યા છે. DILRની માપણી બાદ જ આ જમીન પર બિરલા કંપનીના વાહનો માટે પાર્કિંગ બનાવવામાં આવ્યું છે. આમ છતાં, નહેર વિભાગે આ બાંધકામ તોડી પાડવા નોટિસ ફટકારી છે. આ મામલે રઉફ શેખે અંકલેશ્વર સેશન્સ કોર્ટમાં દાવો દાખલ કર્યો છે, પરંતુ નહેર વિભાગના અધિકારીઓ કોર્ટની સુનાવણીમાં ગેરહાજર રહેતા હોવાનું સામે આવ્યું છે. પીડિતનો આક્ષેપ છે કે અધિકારીઓ પોતે દબાણ હેઠળ હોવાનું સ્વીકારી રહ્યા છે અને તેમની 52 ગુંઠા જમીનને દબાણના નામે 40 ગુંઠા કરી દેવાનું ષડયંત્ર રચાયું છે. સેશન્સ કોર્ટમાં ન્યાય ન મળતા હવે રઉફ શેખે આ અન્યાય સામે ગુજરાત હાઈકોર્ટમાં ધા નાંખવાની તૈયારી કરી છે.

ભરૂચની જય અંબે સ્કૂલ-કોલેજના કૌભાંડમાં ટ્રસ્ટી સામે ગુનો દાખલ

નકલી દસ્તાવેજો અને બનાવટી ઠરાવોના આધારે ટ્રસ્ટમાં ગેરરીતિ આચરી હતી

ભરૂચઃ શહેરની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓ જય અંબે ઇન્ટરનેશનલ સ્કૂલ અને લક્ષ્મીનારાયણદેવ કોલેજ ઓફ ફાર્મસીમાં આચરવામાં આવેલા મોટા નાણાકીય કૌભાંડનો મામલો પોલીસ ચોપડે ચઢ્યો છે. નકલી દસ્તાવેજો અને બનાવટી ઠરાવોના આધારે ટ્રસ્ટમાં ગેરરીતિ આચરવા બદલ સી-ડિવિઝન પોલીસે પૂર્વ પ્રમુખ પ્રવીણ કેશુભાઈ ગજેરા અને અન્ય શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ફરિયાદી અશ્વિનભાઈ બાબરભાઈ પટેલ, જેઓ વર્ષ-2005થી 'શ્રી સ્વામિનારાયણ શિશુ સહાય કેન્દ્ર વડતાલ ટ્રસ્ટ' સાથે સંકળાયેલા છે, તેમણે નોંધાવેલી FIR મુજબ, વર્ષ-2018માં તેમની સંમતિ વિના આરોપી પ્રવીણ ગજેરાએ ચેરિટી કમિશનર કચેરીમાં છેડછાડ કરી જૂના ટ્રસ્ટીઓના નામ કમી કરાવી દીધાં હતાં. તેના સ્થાને અંકલેશ્વર GIDC વિસ્તારના મળતિયાઓને ગેરકાયદે રીતે ટ્રસ્ટી તરીકે દાખલ કરી સંસ્થાનો વહીવટ હસ્તગત કર્યો હતો. આરોપ મુજબ વર્ષ-2021માં મૂળ ટ્રસ્ટની મીટિંગમાં અશ્વિનભાઈને ફરી પ્રમુખ પદે નિમવાનો ઠરાવ થયો હોવા છતાં, આરોપી પ્રવીણ ગજેરાએ સત્તાનો દુરુપયોગ ચાલુ રાખ્યો હતો. તેણે નકલી ઠરાવો અને બનાવટી દસ્તાવેજોના આધારે ભરૂચની વિવિધ બેંકોમાં સ્કૂલ અને કોલેજનાં નવાં ખાતાં ખોલાવ્યાં હતાં. પોતાને ગેરકાયદે રીતે પ્રમુખ દર્શાવી, વર્ષ 2022થી અત્યાર સુધીમાં આ ખાતાઓમાંથી લાખો-કરોડો રૂપિયાની નાણાકીય ગેરરીતિઓ આચરી હોવાનો આક્ષેપ છે.

સી-ડિવિઝન પોલીસે આ મામલે છેતરપિંડી, વિશ્વાસઘાત અને દસ્તાવેજોમાં ફૂટલેખન કરવા બદલ ગુનો દાખલ કર્યો છે. પોલીસે મુખ્ય આરોપી પ્રવીણ ગજેરાની ધરપકડ કરી તેને ત્રણ દિવસનાં રિમાન્ડ પર મેળવ્યો છે. આ કૌભાંડના તાર ક્યાં સુધી જોડાયેલા છે અને અન્ય કોની સંડોવણી છે તે દિશામાં પોલીસે તપાસ તેજ કરી છે.

વરેલીમાં સામાન્ય બોલાચાલીમાં મારામારી, પિતા-પુત્ર સામે ફરિયાદ

પલસાણાઃ મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ સુરતના પુણા વિસ્તારમાં રહેતા ૪૫ વર્ષીય રમેશચંદ્ર ભગીરથ યાદવ વરેલીમાં મોટર રિપેરિંગનો વ્યવસાય કરે છે. ગત તારીખ ૨૮ ફેબ્રુઆરીના રોજ સાંજના સમયે તેમની દુકાન પાસે એક છોકરો પ્લાસ્ટિકની કોથળી ફેંકીને ભાગી રહ્યો હતો, જેને રમેશચંદ્રએ પકડી પાડી ગંદકી ન કરવા બાબતે ઠપકો આપ્યો હતો. જેની અદાવત રાખી વરેલીના શાંતિ પેલેસ સોસાયટીમાં રહેતા રાકેશકુમાર રામસજીવન યાદવે રમેશચંદ્ર સાથે બોલાચાલી કરી બંને હાથ પકડી લીધા હતા. તે દરમિયાન રાકેશકુમારના પુત્ર આદર્શકુમારે રમેશચંદ્રને ડાબા ગાલ અને કાનના ભાગે જોરદાર લાફો મારી દીધો હતો. કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસમથકે પિતા-પુત્ર વિરુદ્ધ ફરિયાદ આપી હતી.

ભરૂચમાં હોળીના પવિત્ર લાકડાથી એકનું માથું ફોડી નાંખ્યું

ગણેશ ટાઉનશીપમાં પાઈપલાઈનના લીકેજનો વિવાદ લોહીથી રંગાયો

ભરૂચઃ ભરૂચ શહેરના લિંક રોડ પર આવેલી ગણેશ ટાઉનશિપમાં રવિવારની રાત્રિએ પાઈપલાઈન લિકેજના વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. આ ઘટનામાં સોસાયટીના જ રહીશ નિશીલ યોગેશભાઈ મોદીએ હોળીમાં એકત્રિત કરાયેલા લાકડા વડે હુમલો કરી એકનું માંથું ફોડી નાંખ્યું હતું

ગણેશ ટાઉનશિપમાં સીસીટીવી કેમેરાનો વ્યવસાય કરતા હિમાંશુભાઈ ઘનશ્યામભાઈ પટેલ સોસાયટીના હોદ્દેદારો સાથે કોમન પ્લોટમાં હોળીની તૈયારીઓ કરી રહ્યા હતા. આ દરમિયાન અગાઉ સોસાયટીની પાણીની ટાંકી લિક થવાના મુદ્દે તપાસ કરતાં માલુમ પડેલું કે, નિશીલ મોદીએ ક્રિકેટ રમતા પાઈપ તોડી નાખી હતી. જેથી બધા ભેગા મળતા આ બાબતે નિશીલ અને તેના પિતા યોગેશભાઈ મોદીને સમજાવતા હતા ત્યારે મામલો સુલઝાવવાને બદલે નિશીલ મોદી અને તેના મિત્ર દેવ પટેલે બિભત્સ ગાળો ભાંડી આતંક મચાવ્યો હતો. ઉશ્કેરાયેલા નિશીલ મોદીએ હોળી માટેના લાકડાના ઢગલામાંથી એક લાકડું ઉઠાવી હિમાંશુભાઈના માથામાં કાનના પાછળના ભાગે જીવલેણ ફટકો મારી દીધો હતો, જેના કારણે તેઓ ફસડાઈ પડ્યા હતા. ગંભીર રીતે ઘવાયેલા વેપારીને તાત્કાલિક ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમના માથાના ભાગે 3 ટાંકા આવ્યા છે. આ સમગ્ર મામલે ભરૂચ એ-ડિવિઝન પોલીસે નિશીલ યોગેશભાઈ મોદી, દેવ પટેલ અને યોગેશભાઈ મોદી સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

વાલોડની બીઓબીમાં સ્ટાફની અછતને કારણે ગ્રાહકો હેરાન

વાલોડઃ વાલોડની બેંક બરોડામાં ગ્રાહકોને સુવિધાના નામે મીંડું જોવા મળે છે. સ્ટાફની અછતને કારણે ગ્રાહકો અવરનવર હેરાન થઈ રહ્યા છે. બેન્કમાં ગ્રાહકો પોતાના નાણાકીય વ્યવહારો માટે આવતા હોય ત્યારે સ્ટાફની અછતને કારણે તેમનો સમય વેડફાય રહ્યો છે. તેમ છતાં બેન્કના અધિકારીઓનું પેટનું પાણી હાલતું નથી. પછી ભલે ને ગ્રાહકોનું જે થવું હોય એ થાય જેને લઈ ગ્રાહકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

વાલોડસ્થિત બેન્ક ઓફ બરોડામાં છેલ્લા ઘણા સમયથી કર્મચારીઓની ઘટ હોય, જેને કારણે ગ્રાહકોને કામગીરી માટે લાંબી લાઈનોમાં ઊભા રહેવું પડે છે. બેન્ક દ્વારા ગ્રાહકોને સુવિધા આપવામાં ઠાગાઠૈયા કરવામાં આવી રહ્યા છે. આજરોજ હોળી નિમિત્તે લોકો નાણાં ઉપાડવા માટે આવ્યા હતા. ત્યારે લોકો સાંજે 4:30 કલાક સુધી પણ કાઉન્ટર ઉપર કે અન્ય જગ્યા ઉપર રાહ જોઈ ઊભા હતા. સ્ટાફની ઘટ અંગે અગ્રણીય ગ્રાહકો દ્વારા ઉચ્ચ કચેરીએ રજૂઆતો કરી હોવાનું પણ જાણવા મળી રહ્યું છે, પરંતુ બેંકના ઉચ્ચ અધિકારીઓ વાલોડ શાખા પ્રત્યે કૂણું વલણ અપનાવી રહ્યા હોવાનું સંભળાઈ રહ્યું છે, ગ્રાહકોની વિશ્વસનીયતા ઓછી થાય એ પહેલાં સ્ટાફની પૂરતા પ્રમાણમાં ભરતી થાય અને બેંકનો વ્યવહાર ઝડપથી લોકો કરી શકે એ માટે બેંકના ઉચ્ચ અધિકારીઓએ નિર્ણય લેવો જરૂરી બન્યો છે.

કેટલાક ગ્રાહકો બેંક ઓફ બરોડા શાખામાં આવવાનું ટાળતા હોય છે. આમ ને આમ ચાલશે તો લોકો અન્ય બેન્ક તરફ વળે તો નાવાઈ નહીં અને તાત્કાલિક બેન્કમાં સ્ટાફની ભરતી કરે એ જરૂરી બન્યું છે.

ભરૂચમાં ગેરેજ પાસે બેસવા મુદ્દે બબાલ મહિલાએ મહિલાના વાળ ખેંચી કાઢ્યા

મકતમપુરમાં 'અહીં રોજ બેસવું નહીં' એટલું કહેતા જ ઇસમો વિફર્યા

ભરૂચઃ મકતમપુરના સિદ્ધિવિનાયક મંદિર પાછળ આવેલી ભાવેશ ઓટો ગેરેજ ખાતે રવિવારે રાત્રે બેસવાની ના પાડતાં ચાર શખ્સે મારામારી કરી હોવાની ઘટના સામે આવી છે. આ હુમલામાં ગેરેજ માલિક અને તેમના ત્રણ પરિવારજનો ઘાયલ થઈ જતાં 4 સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.

ભરૂચ 'સી' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ભાવેશભાઈ રમેશભાઈ મિસ્ત્રીએ કરેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, રવિવારે રાત્રે આશરે સાડા દસ વાગ્યે પોતાના ઘરેથી ગેરેજ ઉપર કામ અર્થે ગયા હતા. તે વખતે ગેરેજ ઉપર ત્રણ-ચાર ઈસમ બેઠા હતા. એ વેળા તેમને ત્યાં બેસવાની ના પાડતા તેમજ તેમના પિતા રમેશભાઈએ આવીને તેમને દરરોજ ગેરેજ ઉપર ન બેસવું જોઈએ એવી સલાહ આપી હતી. જેને લઈને સામેનું જૂથ ઉશ્કેરાઈ ગયું હતું. મકતમપુરમાં રહેતા હર્નીસ મિસ્ત્રી અને ધવલ વસાવાએ ગાળો બોલી પાસે પડેલી ઈંટો હાથમાં લઈ હુમલો કર્યો હતો. ધવલ વસાવાએ તેઓના પિતા રમેશભાઈને પકડી રાખીને હર્નીસે બે જગ્યાએ ઈંટો મારતાં લોહી નીકળતું હતું. તેમના પિતાને છોડાવવા વચ્ચે પડતાં હર્નીસે ભાવેશભાઈને પણ ડાબા કાનના ઉપરના ભાગે ઈંટ મારી ઈજા થઈ હતી. ભાવેશભાઈએ પોતાના મોબાઈલ ફોનથી આ ઘટનાનો વિડીયો ઉતારવાનો પ્રયાસ કરતા હર્નીસે તેમના હાથમાંથી રૂ.80 હજારનો મોબાઈલ છીનવી લઈ તોડી નાંખ્યો હતો. દરમિયાન હર્નીસની બહેન ખુશ્બુ ઉર્ફે ખુશ્બુ મિસ્ત્રી અને તેની માતા ઉષાબેન મિસ્ત્રીએ પણ ઘટના સ્થળે દોડી આવીને રમખાણ ઊભું કર્યું હતું. ઉષા મિસ્ત્રીએ ફરિયાદીની માતા અનિલાબેનના વાળ ખેંચ્યા હતા. ખુશ્બુએ ફરિયાદીની પત્ની વર્ષાબેનને તમાચો મારી નખ માર્યા હતા.

અંતે સ્થાનિક લોકો ભેગા થતાં ભાવેશભાઈએ પોલીને જાણ કરતાં ચારેય આરોપી ગાળો બોલતા ત્યાંથી ભાગી ગયા હતા. થોડીવારમાં હર્નીસ બાઈક લઈ ભાવેશભાઈના ઘરે આવ્યો હતો. જો કે, પોલીસ વાન આવતા ત્યાંથી બાઈક પર નાસી છૂટ્યો હતો. સી ડિવિઝન પોલીસે આ મામલે હર્નીસ મિસ્ત્રી, ધવલ વસાવા, ખુશ્બુ મિસ્ત્રી અને ઉષાબેન મિસ્ત્રી (તમામ રહે., સિદ્ધિવિનાયક મંદિર પાછળ, ઈન્દિરા આવાસ, મકતમપુર, ભરૂચ) સામે ગુનો નોંધ્યો હતો.

ઓનલાઈન ગેમિંગમાં રૂપિયા ગુમાવતાં સોયાણીમાં યુવાનનો આપઘાત

પલસાણાઃ પલસાણાના સોયાણીની શુકન રેસિડેન્સીમાં રહેતા ૨૧ વર્ષીય યોગેશ કેશવપ્રસાદ શુક્લાએ પોતાના ઘરે ફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લીધી છે. મૃતક યુવાન અભ્યાસ કરતો હતો અને મૂળ મધ્યપ્રદેશના સીધી જિલ્લાના રામપુર નૈકિનનો વતની હતો. યોગેશ ઓનલાઈન ગેમિંગ રમતો હતો અને તેમાં તેણે મોટી રકમ ગુમાવી દીધી હતી. આ આર્થિક નુકસાનના કારણે તે છેલ્લા કેટલાક સમયથી માનસિક તણાવમાં હતો અને અંતે મનમાં લાગી આવતાં તેણે આ ખોટું પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. આ ઘટના ગત તા.૧/૩/૨૦૨૬ના રોજ બપોરે ૧૧:૪૫ વાગ્યાના સુમારે બની હતી. મૃતકના પિતા કેશવપ્રસાદ ઉમાશંકર શુક્લાએ આ અંગે પલસાણા પોલીસ સ્ટેશનમાં જાણ કરી છે.

મોતાલીમાં ટ્રકમાંથી ઓઈલ લીકેજ થતાં વાહનો લપસ્યાં

અંકલેશ્વરઃ અંકલેશ્વર અને ભરૂચ વચ્ચે આવેલા ને.હા.નં. 48 પર વડોદરા તરફ જતાં માર્ગ પર મોતાલી પાટિયા નજીક પસાર થતી એક ટ્રકમાંથી અચાનક ઓઈલ લીકેજ થયું હતું. ટ્રકમાંથી ઢોળાયેલ તેલ માર્ગ પર ફેલાતા ત્યાંથી પસાર થતાં કેટલાક વાહનો લપસ્યા હતા. ઘટનાની જાણ થતાં અંકલેશ્વર ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. ફાયર બ્રિગેડના જવાનોએ માર્ગને થોડા સમય માટે બંધ કરી પાણીનો છંટકાવ કરી રોડ પર ઢોળાયેલ ઓઈલ સાફ કર્યું હતુ. આ કામગીરી દરમિયાન હાઈવે પર ટ્રાફિકજામ થયો હતો. બાદમાં માર્ગ સંપૂર્ણ રીતે સાફ થતા વાહન વ્યવહાર ફરીથી રાબેતા મુજબ શરૂ કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે છેલ્લા 15 દિવસો દરમ્યાન વાહનમાંથી ઓઈલ લીકેજ થયાનો આ પાંચમી ઘટના સામે આવી છે.

ગુનાખોરી નાથવામાં નિષ્ફળ કોસંબાના પીઆઈની બદલી

પીઆઇ ખાચર લીવ રિઝર્વમાં મુકાયા, નવા પીઆઇ તરીકે રાકેશ મારુ મુકાયા

હથોડાઃ કોસંબા પંથકમાં ગુનાખોરીનો ગ્રાફ ઊંચે જતા તેમજ સ્ટેટ વિજિલન્સ દ્વારા લાખો રૂપિયાનો દારૂ પકડાતા બુટલેગરોને નાંખવામાં નિષ્ફળ રહેલા પીઆઇડીએલ ખાચરની આખરે બદલી કરી દઈ તેમની જગ્યાએ કામરેજના પીઆઇ રાકેશ મારુને કોસંબાના નવા પીઆઇ તરીકે મૂકવામાં આવ્યા છે.

છેલ્લા કેટલાક વખતથી કોસંબા પોલીસમથકમાં સમાયેલા વિસ્તારમાં ગુનેગારો બેફામ બનતા અને ગુનાખોરીનો ગ્રાફ ઊંચે જતા વિસ્તારમાં કાયદો વ્યવસ્થા કથળી રહી હતી. જે ઓછું હોય તેમ ગાંધીનગરની સ્ટેટ વિજિલન્સ દ્વારા તાજેતરમાં કોસંબા પોલીસ મથક હદ વિસ્તારના પીપોદરા અને કઠવાડામાં ઉપરાછાપરી રેડ કરીને લાખો રૂપિયાનો દારૂનો જથ્થો પકડી પાડતાં પોલીસની ફરજમાં બેદરકારી રહેવાની ચર્ચા સાથે બુટલેગરોને પણ નાથવામાં ધરાર નિષ્ફળ રહેલા પીઆઇ ડી.એલ. ખાચરની આખરે લીવ રિઝર્વમાં બદલી કરી દેવામાં આવી છે.

બારડોલીમાં સગીરાઓને ભગાડી જનાર બે પકડાયા

બારડોલીઃ બારડોલી તાલુકામાં સગીરાઓને લગ્નની લાલચ આપી ભગાડી જવાના બે અલગ-અલગ કિસ્સામાં પોલીસે ત્વરિત કાર્યવાહી કરી બંનેની ધરપકડ કરી છે. બારડોલી ટાઉન પોલીસ મથકે નોંધાયેલા આ ગુનાઓમાં પોલીસે પોક્સો (POCSO) એક્ટની કલમ હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રથમ કિસ્સામાં બારડોલીના એક ગામની 14 વર્ષની સગીરાને પીયૂષ વસાવા નામનો યુવક ગત તા.28 ફેબ્રુઆરીના રોજ તેના વાલીપણામાંથી પટાવી-ફોસલાવીને ભગાડી ગયો હતો. સગીરાના પિતાએ આ અંગે ફરિયાદ નોંધાવતાં પોલીસે આરોપીને મહારાષ્ટ્રના સાગબારા વિસ્તારમાંથી ઝડપી પાડ્યો હતો. બીજી ઘટનામાં શેરડીના પડાવમાં મજૂરી અર્થે આવેલા પરિવારની 16 વર્ષીય સગીરાને ત્યાં જ રહેતા 21 વર્ષીય સચિન રાઠોડે લગ્નની લાલચ આપી અપહરણ કર્યું હતું. સગીરાની માતાએ ફરિયાદ કરતાં પોલીસને આરોપી-સગીરા મહારાષ્ટ્રમાં બાઈક પર ફરતા મળી આવ્યાં હતાં. પોલીસે બંને સગીરાનો કબજો મેળવી તેમના વાલીઓને સોંપ્યાં છે, જ્યારે બંને યુવક વિરુદ્ધ ગુનો દાખલ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

સંક્ષિપ્ત સમાચાર

ઉમરાની બી.આર.ઉમરાકર વિનય મંદિર શાળાનું ગૌરવ

સલીમ દિવાન

ભોરિયાઃ ભારત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય દ્વારા આયોજિત 'ઇન્સ્પાયર એવોર્ડ-માનાંક' અંતર્ગત વર્ષ ૨૦૨૫-૨૬ માટે બી.આર. ઉમરાકર વિનય મંદિર, ઉમરાની પસંદગી કરવામાં આવી છે. શાળાની ધોરણ-૯ ની વિદ્યાર્થિની રિક્લકુમારી અમિતભાઇ પટેલ દ્વારા તૈયાર કરવામાં આવેલ 'સ્ટેર ક્લાઇમ્બિંગ રોબોટ' (સીડી ચઢતો રોબોટ) પ્રોજેક્ટ રાષ્ટ્રીય કક્ષાના આ એવોર્ડ માટે પસંદ થયો છે. આ પ્રોજેક્ટના નિર્માણમાં વિદ્યાર્થિનીને માર્ગદર્શક શિક્ષિકા શ્રેયાબેન મનુભાઇ પટેલ તેમજ શાળાના આચાર્ય પ્રણયસિંહ ટી. પરમાર તરફથી જરૂરી ટેકનિકલ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ ગૌરવશાળી સિદ્ધિ બદલ મંડળના પ્રમુખ નરેશભાપુ, મંત્રી દીપકભાઈ, ઉપપ્રમુખ ચેતનભાઈ, સહમંત્રી ઈચ્છુભાઈ તથા સમસ્ત કારોબારી સભ્યોએ વિદ્યાર્થિની અને શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.

કડોદ ગામના વિરાટ હિન્દુ સંમેલનમાં વિશાળ જનમેદની ઊમટી

સુરતઃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપનાના ૧૦૦ વર્ષ પૂર્ણ થતા દેશભરમાં એક લાખથી વધુ હિન્દુ સંમલનો યોજાઈ રહ્યાં છે. જેના ઉપક્રમે કડોદ મંડલમાં વિરાટ હિન્દુ સંમેલન યોજાયું હતું, જેમાં કડોદ અને આજુબાજુના ગામોમાંથી વિશાળ જનમેદની ઊમટી પડી હતી. કડોદ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ સુંદર કૃતિ રજૂ કરી હતી. કડોદનું ગૌરવ એવી હીર પારેખે દેશભક્તિનાં ગીતો ગાઈને શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આમંત્રિત વક્તાઓમા આર.એસ. એસ.ના પશ્ચિમ વિભાગના સહકાર્યવાહ યશવંતભાઈ ચૌધરી, કડોદના નગરશેઠ અને સેવાવ્રતધારી ઘનશ્યામભાઈ ગાંધી, ઉમરપાડાના સંત મોતીરામ મહારાજ, ભાગવત આચાર્ય મુકેશ ઓઝા તથા મોતાના તારાચંદ બાપુએ પ્રેરક પ્રવચન કર્યા હતા. આભારવિધિ યુવાઅગ્રણી હરદીપસિંહ પીઠાવાળાએ કરી હતી.

બારડોલીની B.A.B.S. સ્કૂલની ઓફિસનું તાળું તોડનાર સામે ગુનો

બારડોલીઃ બારડોલી ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી જાણીતી B.A.B.S. હાઈસ્કૂલની ઓફિસમાં ગેરકાયદે પ્રવેશ કરી નુકસાન પહોંચાડવા બદલ બે વ્યક્તિ વિરુદ્ધ ગુનો નોંધાયો છે. આ ઘટના અંગે શાળાના પ્રમુખ હસમુખભાઈ મગનભાઈ પટેલે ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જણાવ્યાનુસાર ગત તા.૨૭/૨/૨૦૨૬ના રોજ બપોરે 2 કલાક પહેલાં કોઈપણ સમયે આ ઘટના બની હતી. આરોપી અજયભાઈ એસ.અધ્વર્યુ અને રવી દેવર્ષીભાઈ જોષી (બંને રહે.,બારડોલી)એ એકબીજાની મદદગારી કરી હતી. આ બંને સંસ્થામાં સભ્ય ન હોવા છતાં, પરવાનગી વગર B.A.B.S. સ્કૂલની ઓફિસમાં પ્રવેશ્યા હતા. વિગતો મુજબ, આરોપીઓએ ઓફિસનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને ઓફિસમાં નુકસાન પહોંચાડ્યું હતું. આ મામલે ૨ માર્ચ-૨૦૨૬ના રોજ બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનમાં વિધિવત ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

મકતમપુરમાં 278 દિવ્યાંગને અનાજ કિટ વિતરણ

ભરૂચઃ ધુળેટી અને પવિત્ર રમઝાન માસના શુભ અવસર નિમિત્તે રાષ્ટ્રીય અંધજન મંડળ-ભરૂચ તથા નર્મદા જિલ્લા શાખા દ્વારા આયોજિત વિશાળ અનાજ કિટ વિતરણ કાર્યક્રમ મકતમપુર સ્થિત જ્ઞાન સાધન આશ્રમ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં ભરૂચ-નર્મદા જિલ્લાના કુલ 278 દિવ્યાંગ લાભાર્થીઓ અને તેમના સહાયકોએ હાજર રહીને અનાજ કિટનો લાભ લીધો હતો. આ કિટ ડેક્કન ફાઈન કેમિકલ્સ ઇન્ડિયા પ્રા.લીમીટેડ, અંકલેશ્વરના સહયોગથી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સંસ્થાના પ્રમુખ ખુમાનસિંહ વાંસિયા, ઉપપ્રમુખ વિનોદભાઈ છત્રીવાલા, કારોબારી સભ્યો તેમજ ડોનેશન કમિટીના ચેરમેન નિવૃત્ત DYSP કૌશિક પંડ્યા, કંપનીના ડો.હેમલ મહેતા (હેડ R&D), સુનીલ જોશી (સીનિયર મેનેજર-QC), મયંક શાહ (મેનેજર - QC), રોહિત કણપરિયા (સિનિયર એક્ઝિક્યુટિવ R&D) અને હર્ષ પટેલ (એક્ઝિક્યુટિવ-HR) ઉપસ્થિતિ રહ્યા હતા.

GNFCમાં મેડિકલ પોલિસીના મુદ્દે છેતરપિંડી

ભરૂચઃ ભરૂચની GNFC કંપનીમાં જ્યુનિયર ફાયર ઓપરેટર ગૌતમ પટેલ અને તેના પુત્ર ગૌરાંગે મેડિકલ પોલિસીનો દુરુપયોગ કરી માતાની બીમારીના બહાને 15.82 લાખની છેતરપિંડી આચરી છે. પિતા-પુત્રની આ જોડીએ વર્ષ 2020થી 2025 દરમિયાન કુલ 186 નકલી મેડિકલ બિલ રજૂ કર્યાં હતાં, જે તેના પુત્રએ કોમ્પ્યુટર પર ત્રણ જાણીતી ફાર્મસીના નામે બનાવ્યા હતા. કંપનીના ઇન્ટરનલ ઓડિટમાં આ કૌભાંડ પકડાયું હતું, જેમાં જાણવા મળ્યું કે મેડિકલ સ્ટોર્સ દ્વારા આવા કોઈ બિલ ઇશ્યૂ કરાયાં નથી. ભરૂચ સી-ડિવિઝન પોલીસે બંને વિરુદ્ધ છેતરપિંડી અને દસ્તાવેજોમાં બનાવટનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આરોપી અગાઉ ચોરીના કિસ્સામાં પણ ઝડપાયો હતો.

રાજપીપળામાં 3 વર્ષના અરમાને રોઝો રાખ્યો

રાજપીપળાઃ રાજપીપળાની આરજુ સોસાયટીમાં રહેતા તોફિક મોહમ્મદના ત્રણ વર્ષના પુત્ર અરમાન મેમણે પવિત્ર રમઝાન માસમાં જીવનનો પ્રથમ રોઝો રાખી અલ્લાહની ઈબાદત કરી હતી. આટલી નાની ઉમરે બાળકની અતૂટ શ્રદ્ધા જોઈ પરિવાર અને સમાજમાં ખુશીનો માહોલ છવાયો છે.

કેવડીમા